


અવસર લોકશાહીનો અંતર્ગત ગઈકાલે ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં મતદાન અંગેની જાગૃત્તિ લાવવા માટે સહી ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ સહી ઝુંબેશ વિવિધ કોલેજો અને જાહેર સ્થળો ખાતે યોજાઈ હતી. મોટી સંખ્યામાં જાગૃત્ત નાગરિકો 'હું મતદાન કરીશ...' તે અંગેની ખાતરી આપીને આ સહી ઝુંબેશમાં જોડાયા હતા.

# હું સાદો માણસ છું, હું 'આપ'નો માણસ છું: મુકેશભાઈ પટેલ

## સે. ૨૪માં આપ પાર્ટીનું જન સંપર્ક અભિયાન : ઉમેદવાર મુકેશ પટેલે સાલસ સ્વભાવથી નાગરિકોનું મન જીત્યું



ગાંધીનગર, તા. ૨૩

આમ આદમી પાર્ટી દ્વારા ગઈકાલે ગઈકાલે બપોરે ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતે જન સંપર્ક અભિયાન હાથ ધર્યુ હતું જેમાં સ્થાનિક રહેવાસીઓએ ઉમેદવાર મુકેશ પટેલને ઉમળકાભેર વધાવ્યા હતા જેના પ્રતિભાવમાં મુકેશ પટેલે પણ નાગરિકોને ગળે લગાડીને કહ્યું હતું કે "હું તો સાદો માણસ છું, હું તો બસ 'આપ'નો માણસ છું". આ શબ્દો સાથે જ મુકેશ પટેલે સેક્ટર-૨૪ના મોટી સંખ્યામાં ઉમટી પડેલા સ્થાનિક સામાન્ય નાગરિકોનું હૃદય જીતી લીધું હતું. આ પ્રસંગે ઠેર ઠેર નાગરિકોએ તેમનું પુષ્પહારથી અભિવાદન કર્યું હતું. ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ઉમેદવાર આમ આદમી પાર્ટીના મુકેશ પટેલે સ્થાનિક અગ્રણીઓને સાથે રાખીને સેક્ટર-૨૪માં મતદારોની ડોર ટુ ડોર મુલાકાત લીધી હતી જેમાં તેમણે એકવાર આમ આદમી પાર્ટીને મોકો આપવા વિનંતી કરી હતી અને જો હું ચૂંટાઈને આવીશ તો આ વિસ્તારના પ્રશ્નો અને સમસ્યાઓ ઉકેલવા અંગે પ્રાથમિકતા આપીને કાર્યરત રહીશ તેવો મતદારોને ભરોસો અપાવ્યો હતો. સ્થાનિક નાગરિકોએ પણ તેઓ અગાઉ ભાજપ અને કોંગ્રેસને તક આપી ચૂક્યા છે પરંતુ તે તેમણે કરેલી અવગણનાથી નારાજ છે અને આ વખતે તો ઈમાનદાર પાર્ટી આમ આદમી પાર્ટીના મુકેશ પટેલને જંગી બહુમતીથી જીતાડવા માટે આમ આદમી પાર્ટીને જ મત આપશે તેઓ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. મુકેશ પટેલે સેક્ટર-૨૪માં વસતા સરકારી કર્મચારીઓ અને નિવૃત્ત પેન્શનરોને વિશ્વાસ અપાવતા કહ્યું હતું કે તેઓ પોતે પણ એક સરકારી કર્મચારી રહી ચૂક્યા છે અને સરકારી કર્મચારીઓ તેમજ નિવૃત્ત વડીલોનું દર્દ સારી પેઠે જાણે છે જેના કારણે જીત્યા પછી તેઓ જૂની પેન્શન સ્કીમ (ઓપીએસ) લાગુ કરવા માટે લડત ચલાવશે.

# દહેગામ શહેર મહિલા મોરચાનો ગ્રામીણ વિસ્તારની મહિલાઓમાં પ્રભાવક પ્રચાર



ગાંધીનગર,તા.૨૩

દહેગામ શહેર મહિલા મોરચા દ્વારા દહેગામ તાલુકાના મોતીપુરા, મહુડીયા, મોટી પાવઠી, ખાડિયા, જીંડવા, અંતોલી જઈ દહેગામ વિધાનસભા બેઠકના સંયોજક ગીતાબેન ઠાકોર, સહસંયોજક હેમાબેન શાહ, ગાંધીનગર જિલ્લા મહિલા મોરચાના કારોબારી સભ્ય મનીષાબેન શાહ, દહેગામ શહેર મહિલા મોરચા પ્રમુખ ધનલક્ષ્મીબેન પટેલ, ઉપપ્રમુખ આશાબેન મીર, મહામંત્રી દર્શનબા રાજપૂત, મંત્રી પરવીન બાનુંબેન, કોષાધ્યક્ષ જાનવીબેન મહેતા વગેરેએ ગામવાસીઓને ચુંટણી પ્રચારની પત્રિકા આપી ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહિલાઓ સમક્ષ દર્શનબા રાજપૂતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સિદ્ધિઓ ગૌરવપૂર્વક વર્ણવી ભાજપના ઉમેદવાર બલરાજસિંહ ચૌહાણને મત આપવા અને જંગી બહુમતીથી જીતાડવા અનુરોધ કર્યો હતો.

# સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટને ફરી આઈએસઓ પ્રમાણપત્ર

## નિયમબદ્ધ ચુસ્ત પ્રક્રિયાઓના આધારે ત્રણેય આઇએસઓ ધોરણો માટે પ્રમાણપત્રો અપાયાં



ગાંધીનગર,તા.૨૩

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટને ફરી એકવાર આઈએસઓ સર્ટિફિકેટ મળ્યું છે. ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ્સ, એન્વાયર્નમેન્ટલ મેનેજમેન્ટ સિસ્ટમ્સ અને ઓક્યુપેશન હેલ્થ એન્ડ સેફ્ટી મેનેજમેન્ટ સિસ્ટમ્સ માટે આઈએસઓ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. નિયમાનુસાર શિસ્તબદ્ધ ઓડિટ, સુચાલન અને તપાસના આધારે પ્રમાણપત્રો રિન્યુ કરવામાં આવ્યાં છે.

એસવીપીઆઈ એરપોર્ટ પરના તમામ વિભાગોનું આઈએસઓ ધોરણો મુજબ તટસ્થ ઓડિટ કરવામાં આવ્યું હતું. ઈચ્છિત ધોરણોની ખાતરીપૂર્વક તપાસ માટે આંતરિક ઓડિટ પણ હાથ ધરવામાં આવ્યું હતું. નિયમબદ્ધ ચુસ્ત પ્રક્રિયાઓના આધારે ગુણવત્તા વ્યસ્થાપન સિસ્ટમ્સ, પર્યાવરણ વ્યવસ્થાપન સિસ્ટમ્સ, અને વ્યવસાય આરોગ્ય અને સલામતી વ્યવસ્થાપન સિસ્ટમ્સ એમ ત્રણેય આઈએસઓ ધોરણો માટે પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા છે.

ઓક્યુપેશન હેલ્થ એન્ડ સેફ્ટી મેનેજમેન્ટ સિસ્ટમ (ઓએચએસ) દ્વારા એસવીપીઆઈ એરપોર્ટનો ઉદ્દેશ સલામત અને વ્યવસ્થિત કાર્યસ્થળો સાથે સંભવિત જોખમોને દૂર કરવાનો છે. તમારું એરપોર્ટ અસરકારક અને આગોતરી સુરક્ષા માટે પગલાં લઈને વ્યવસાયિક આરોગ્ય અને સલામતી જોખમોને ઘટાડવાની ખાતરી કરે છે. એન્વાયર્નમેન્ટલ મેનેજમેન્ટ સિસ્ટમ (ઈએમએસ) દ્વારા એસવીપીઆઈ એરપોર્ટનો ઉદ્દેશ પર્યાવરણની સુરક્ષા અને બદલાતી પર્યાવરણીય પરિસ્થિતિઓને અસરકારક રીતે નાથવાનો છે.

ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ (ક્યુએમએસ) દ્વારા એસવીપીઆઈ એરપોર્ટ ગ્રાહકોને સંતોષ, કામકાજમાં સુધારો તેમજ નિયમ પ્રમાણે સુવિધા સાથે ગ્રાહકોને મળતી સગવડ વધારવાનો છે.આ આઈએસઓ પ્રમાણપત્ર એસવીપીઆઈ એરપોર્ટને સ્ટેકહોલ્ડર્સ, મુસાફરો અને શહેર તરફથી મળી રહેલી પ્રસંશામાં અભિવૃદ્ધ કરે છે.



ગાંધીનગર જિલ્લાની દહેગામ અને ગાંધીનગર વિધાનસભા મતદાર વિભાગના જનરલ ઓબ્ઝર્વર ઓમપ્રકાશ દેશમુખે ગઈકાલે કલેકટર કચેરી ખાતે કાર્યરત ઈલેકટ્રોનિક મીડિયા મોનિટરીંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ તકે ઈલેકટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયામાં ઉમેદવારના આવતા સમાચાર અને જાહેરખબરનું મોનિટરીંગ કેવી રીતે કરવામાં આવે છે, તેની વિસ્તૃત માહિતી એમ.સી.એમ.સી.ના નોડલ અધિકારી અમિત રાડિયાએ આપી હતી. આ મુલાકાત દરમ્યાન ગાંધીનગર પ્રાંત અધિકારી અને ૩૬ ગાંધીનગર(ઉ)ના રિટર્નિંગ ઓફિસર બ્રિજેશ મોડિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી યોગીરાજસિંહ ગોહિલ અને ગાંધીનગર મામલતદાર અને એ.આર.ઓ. હરેશકુમાર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજ મીરા ફાર્મમાંથી પ્રરપ્રાંતિય પરવાનાવાળા હથીયાર સાથે ગાર્ડ ઝડપાયો



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર અડાલજ વિસ્તારમાં આવેલી ડીપીએસ સ્કુલની સામે આવેલા મીરા ફાર્મમાંથી પરપ્રાંતિય પરવાનાવાળા હથીયારધારી એક સિક્યુરીટી ગાર્ડને આર્મ્સ રૂલ્સ- ૨૦૧૬ ના ભંગ બદલ હથીયાર સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ ડીપીએસ સ્કુલની સામે આવેલા મીરા ફાર્મ હાઉસ ખાતે છેલ્લા ૧૪ વર્ષથી સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા કર્મચારી પાસે લાયસન્સવાળી બંદુક હોવા છતા સ્થાનિક પોલીસને જાણ કરી ન હતી. જેથી એસઓજી પોલીસે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. એસઓજીની ટીમ ને બાતમી મળી હતી કે મીરા ફાર્મ હાઉસ ખાતે ઘણા સમયથી બંદુકધારી શખ્સ નોકરી કરે છે. પ્રરપાંતના લાયસન્સ વાળુ હથીયાર ધરાવે છે. જયારે એસઓજી પોલીસ બાતમીને પગલે મીરા ફાર્મ ખાતે જઈ તપાસ કરતા રાજપાલસિંહ મહેન્દ્રસિંહ તોમર (રહે. હાલ મીરા ફાર્મ સિક્યુરીટીની ઓરડીમાં મુળ આગ્રા) નોકરી કરતો મળી આવ્યો છે. તેની પુછપરછ કરતા ૨૧ એપ્રિલ ૨૦૨૬ સુધીની વેલીડીટી વાળુ આગ્રાથી ઈસ્યુ કરવામાં આવેલ બંદુકનુ લાઈસન્સ હોવાનું ધ્યાને આવ્યુ હતુ. જયારે રાજપાલસિંહ વર્ષ ૨૦૦૮ થી મીરા ફાર્મની રખેવાળી કરી રહ્યો હોવાની વિગતો મળી રહી છે. આ બંદુક અંગે તેણે નજીકના પોલીસ મથકે જાણ કરી ન હતી. આ હથીયાર પરવાનો આજદીન સુધી ટ્રેક ઓવર કરાવવા કોઈ જ તજવીજ હાથ ધરી નથી. જેથી એસઓજી પોલીસે સિક્યુરીટી ગાર્ડની હથીયાર ધારાની ભંગ બદલ ધરપકડ કરી ૧૫ હજારની કિંમતની બંદુક જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વિદ્યાર્થી આરોગ્યની ચકાસણીનું આયોજન



ગાંધીનગર, તા. ૨૩

તા. ૨૧-૧૧-૨૦૨૨ થી ૨૩-૧૧-૨૨ના રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજામાં પ્રિ-પ્રાઈમરી વિભાગથી લઈ ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને લઈ આરોગ્ય ચકાસણી કરાવવામાં આવી હતી. શાળા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય તથા તંદુરસ્તીના માટે હરહંમેશ તત્પર રહે છે.

# દેહદાન શ્રેષ્ઠ દાન

ગાંધીનગર, તા. ૨૩

જુનિયર સિટીઝન કાઉન્સીલ, ગાંધીનગર ખાતે તારીખ ૨૨ના રોજ ગાંધીનગર નિવાસી સ્વ. કૃષ્ણાબેન પ્રહલાદભાઈ પટેલ જેમની ઉ.વ. ૯૪ વર્ષ અને સે.૩૦માં રહેતા હતા. જેઓનું અવસાન થતાં તેઓના કુટુંબીજન વીકાસભાઈ પટેલની સંમતીથી સ્વર્ગસ્થના દેહનું દાન લેવામાં આવ્યું છે. ઉપરોક્ત દેહ દાન ગાંધીનગર મેડિકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું છે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતુ.

# ચિલોડા ગ્રામ પંચાયત ખાતે મતદાન જાગૃતિ અંગે સિગ્નેચર કેમ્પેઈન ઝુંબેશનો પ્રારંભ




ગાંધીનગર, તા.૨૩

જિલ્લાના મતદારોને જાગૃત કરવા આગામી સામાન્ય વિધાનસભા-૨૦૨૨માં યોજાનાર ચૂંટણીમાં લોકશાહીના અવસરરૂપે દરેક મતદાન અવશ્યક મતદાન કરીશ એવી જનજાગૃતિ અંતર્ગત ચિલોડા ગ્રામ પંચાયત ખાતે સિગ્નેચર બેનર પર જાગૃત મતદારે સિગ્નેચર કેમ્પેઈન અભિયાનમાં સહી કરી જોડાયા હતા.


સહી ઝુંબેશ ખાસ જાહેર સ્થળો એસટી ડેપો, ગ્રામ પંચાય, સહકારી મંડળીઓ, આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રના કર્મીઓ જિલ્લા કાનુની સેવા સત્તામંડળના પેરાલીગલ વોલેન્ટીયર નટુભાઈ પટેલ, સરપંચ જયમીનભાઈ પટેલ વગેરે સહી ઝુંબેશમાં સહયોગી બન્યા હતા.

સહી ઝુંબેશના ભાગરૂપે મતદારોને જાગૃત કરીને મતદાન કરાવવા માટે સમજાવવામાં આવ્યા હતા.



ગાંધીનગરમાં અનેક સેક્ટરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં વિધાનસભાની ચૂંટણીનો માહોલ ફૂલજોશમાં જામી રહ્યો છે ત્યારે ગાંધીનગરના પૂર્વ મેયર અને ૩૬ - ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકનાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર રીટાબેન પટેલની જન સંપર્ક યાત્રા સેક્ટર-૨૫, સહકાર કોલોની ખાતે આવી પહોંચી હતી. જેમાં સહકાર કોલોનીના દરેક વસાહતીઓએ રીટાબેન પટેલનું સન્માન કર્યુ હતું તથા ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર અંજનાબેન મહેતા સાથે મિલાપ ટાટારિઆ પરિવાર દ્વારા રીટાબેન પટેલને તિલક કરી, ફૂલહારથી વિજયી ભવના આશીર્વાદ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# પાલજ પ્રાથમિક શાળા ખાતે કલસ્ટર કક્ષાના વિજ્ઞાનમેળો



ગાંધીનગર, તા.૨૩

સરકારી પ્રાથમિક શાળા-પાલજમાં ક્લસ્ટર કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ક્લસ્ટર ૨૧ની તમામ શાળાઓએ ભાગ લીધેલ અને વિજ્ઞાન જાગૃતિ અંગેનો કાર્યક્રમ કરી નવી નવી કૃતિઓ રજૂ કરેલ હતી. આ પ્રસંગે સરકારી પ્રાથમિક શાળા પાલજના આચાર્ય હિતેશ પટેલ તથા સીઆરસી કોઓર્ડીનેટર હર્ષદભાઈ ગજ્જર અને અન્ય શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ચૂંટણી પ્રચારનો જંગ હાઈટેક થતો જાય છે. અત્યાધુનિક સાધનોના ઉપયોગથી પ્રચારકાર્ય વેગવંતુ બન્યુ છે. ગાંધીનગર ઉત્તરની બેઠક પર કશ્મેકશ જંગ જામ્યો છે. ત્યારે ભાજપના કાર્યકરો એલઈડી લાઈટના ઉપયોગ થકી પ્રચાર કરી રહ્યા છે. જાહેર સ્થળોએ ઉભા રહેતા કાર્યકરો મતદારોને આ રીતે આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે.